| | |
|---|---|
| GUJARAT REAL ESTATE REGULATORY AUTHORITY GUJ RERA | ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી<br>ચીફ ટાઉન પ્લાનીંગ અને વેલ્યુએશનની કચેરી<br>સેકટર ૧૦-, સેન્ટ ઝેવીયર્સ સ્કુલ સામે, ગાંધીનગર.<br>ટેલીફોન નંબર ૫૪૧૦૧-૨૩૨ (૦૭૯) -:<br>વેબ સાઈટ -:https://gujrera.gujarat.gov.in |

તા. ૨૬ /03/૨૦૧૮

# ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી

## સમક્ષ

## ગાંધીનગર

### સુઓ-મોટો કેસ નંબર :- ૪૨/૨૦૧૮

### ગુજરેરા રજીસ્ટ્રેશન નં:-

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA01738/230218

સેક્રેટરી, ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી, ગાંધીનગર

વિરૂધ્ધ

**પ્રોજેકટ** : ' બાપુનગર વન 'ના પ્રમોટર મે.કોરસ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લીમીટેડ
ઓથોરાઇઝ્ડ સીગ્નેટરી શ્રી વિક્રમસિંહ કે. માંગરોલિયા
સરનામું:- ' બાપુનગર વન ',પ્લોટ નંબર ૨૪૯ , સેક્ટર-૨૨, ગાંધીનગર :- ૩૮૨૦૨૨
ફોન નં:- ૯૭૨૫000૪૨૧ ઈ-મેલ એડ્રેસ:- info@corusinfra.com

<u>કંપની:- કોરસ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લીમીટેડ તરફથી હાજર રહેલ પ્રતિનિધિ:-</u>

પ્રમોટર/ઓથોરાઇઝ્ડ સીગ્નેટરી શ્રી વિક્રમસિંહ કે. માંગરોલિયા વતી શ્રી ઋતુલ દિનેશભાઈ પટેલ
(CEO, Corus Infrastructure PVT LTD)

(કોરમ:-ડૉ મંજુલા સુબ્રમણ્યમ, ચેરપર્સન અને શ્રી એચ.ડી.વ્યાસ, મેમ્બર)

સુનાવણી તા:- ૧૩/03/૨૦૧૮

SECRETARY
GRERA

# હુકમ

જીલ્લા :- અમદાવાદ, તાલુકો :- અસારવા , ના રેવન્યુ વિલેજ :- મોજે નરોડા ના ટી.પી.સ્કીમ નંબર:- ૧૨ (અસારવા એક્ષટેન્શન) નાં ફાઈનલ પ્લોટ નંબર :- ૧૫૪, સબ પ્લોટ નંબર:-૨૬/૪ માં કંપની:- કોરસ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લીમીટેડ ના પ્રમોટર/ ઓથોરાઇઝ્ડ સીગ્નેટરી શ્રી વિક્રમસિંહ કે. માંગરોલિયા દ્વારા 'બાપુનગર વન' નામના બાંધકામના પ્રોજેક્ટનું રજીસ્ટ્રેશન કરવા ગુજરેરા એક્નોલેજમેન્ટ નંબર :- PR/AHMEDABAD/AHMEDABAD CITY/ AHMEDABAD TPO / 170920/002507, તારીખ:- ૧૧/૦૭/૨૦૧૭ ના રોજ રેરા પ્રોજેકટ એપ્લિકેશન ફોર્મમાં દર્શાવેલ પ્રોજેક્ટ સ્ટેટસ તરીકે ન્યુ પ્રોજેક્ટ દર્શાવી અરજી કરવામાં આવેલ છે. સદર પ્રોજેકટમાં નિયુકત થયેલ ચાર્ટડ એકાઉન્ટન્ટના સર્ટીફીકેટ ફોર્મ નં. ૩ માં દર્શાવ્યાં મુજબ રેરા રજીસ્ટ્રેશન મેળવતા પહેલાં પ્રોજેક્ટની કુલ ઇન્વેટરી :- ૦૪ (૦૪ કોમર્શીયલ + ૦૦ રહેણાંક) ના કુલ કારપેટ એરીયા :- ૫૬.૮૭ ચો.મીટર નું વેચાણ કરવામાં આવેલ હોઇ, રેરા એક્ટની કલમ:-૩ ના ભંગ બદલ રેરા એક્ટની કલમ:-૫૯(૧) મુજબની દંડનીય કાર્યવાહી કરવાની થાય છે.

૧. રેરા કાયદાની કલમ ૩(૧) ની જોગવાઈ મુજબ પ્રમોટર રેરામાં રજીસ્ટ્રેશન કરાવ્યાં વગર તેનાં પ્રોજેકટ નું વેચાણ, માર્કેટીંગ, જાહેરખબર, બુકીંગ નથી કરી શકતા કે વેચાણ લેવા માટેનું આમંત્રણ નથી આપી શકતાં.

૨. ગુજરેરા એ તેની વેબસાઈટ **https://gujrera.gujarat.gov.in** પર આ અંગેની વિગતો મુકેલી છે તેમજ પ્રમોટરશ્રીઓને વખતો વખત તેની જાણ પણ કરવામાં આવેલી છે. તેમજ રેરા કાયદાની આ જોગવાઈઓ પ્રત્યે ધ્યાને દોરવામાં આવેલ છે.

3. આમ, હોવાં છતાં, રેરા રજીસ્ટ્રેશન કરાવ્યા વગર કલમ ૩ (૧) નો ભંગ કરી ફલેટ/એપાર્ટમેન્ટ /પ્લોટ/દુકાન/ઓફિસ વિ.નું વેચાણ કરેલ છે. જે તેમની રજીસ્ટ્રેશનની અરજી પરથી સ્પષ્ટ થાય છે.

૪. ઓથોરીટીએ ઉપર દર્શાવેલ બાબતની સુઓ-મોટો નોંધ લઈને પ્રમોટરને તા. ૧૩/૦૩/૨૦૧૮ ના રોજ ઓથોરીટી સમક્ષ ઉપસ્થિત રહીને રેરા કાયદાની જોગવાઈનાં ભંગ બદલ તેમને શા માટે દંડ ન કરવો તે જણાવવા નોટીસ કાઢી હતી.

૫. સુનાવણીની તારીખે પ્રમોટરશ્રી નાં પ્રતિનિધી ઓથોરીટી સમક્ષ ઉપસ્થિત રહયાં હતાં અને તેમણે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, કાયદાની જોગવાઈઓનો ભંગ તેમની અજ્ઞાનતા થી અને અજાણતાથી થયેલ છે અને કાયદાની કોઈ જોગવાઈઓનો ભંગ કરવાનો તેમનો ઈરાદો ન હતો. તેઓએ બિન-શરતી દિલગીરી વ્યકત કરી છે અને દંડ ન કરવા માટે વિનંતી કરી છે.

GUJARAT REAL ESTATE REGULATORY AUTHORITY

SECRETARY
GRERA

૬. રેરા એકટની કલમ -૫૯(૧) ની જોગવાઈ મુજબ કલમ -૩ ની જોગવાઈનાં ભંગ બદલ પ્રોજેકટની અંદાજીત કિંમતનાં વધુમાં વધુ ૧૦% જેટલો દંડ થઈ શકે છે.

૭. ઓથોરીટી સમક્ષ પ્રમોટરે ઈરાદાપૂર્વક કાયદાની જોગવાઈઓનો ભંગ કરેલ નથી તે બાબતનો સ્વીકાર કરે છે. આથી, કાયદાની કલમ ૫૯(૧) અન્વયે ઓથોરીટી આ કિસ્સામાં પ્રમોટરને રૂ. રૂ.૬૧,૦૦૦/- (અંકે રૂપિયા એકસઠ હજાર પૂરા) મુજબનો દંડ કરે છે. જે પ્રમોટરશ્રીએ દિન - ૧૫ માં ભરી દેવાનાં રહેશે.

૮. ઓથોરીટી વધુમાં આદેશ કરે છે કે, દંડની આ રકમ પ્રમોટરે ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) (મેટર્સ રીલેટીંગ ટુ ધ રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી) રૂલ્સ, ૨૦૧૬ ના નિયમ -૮ (૩) ની જોગવાઈ અનુસાર આ દંડની રકમ તે પ્રોજેકટનાં અલાયદા બેંક ખાતામાંથી ઉપાડી શકશે નહિ કે ઉધારી શકશે નહિ કે એલોટી પાસેથી લઈ શકાશે નહિ અને પ્રમોટરે અંગત રીતે દંડ ની રકમ ભરવાની રહેશે.

હુકમ તા.૨૬/૦૩/૨૦૧૮, ગાંધીનગર.

26/3

(એચ.ડી.વ્યાસ)
મેમ્બર
ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી

(ડૉ.મંજુલા સુબ્રમણ્યમ) IAS
ચેરમેન
ગુજરાત રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી

GUJARAT REAL ESTATE REGULATORY AUTHORITY
GUJ RERA

SECRETARY
GRERA